પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૬૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૩-૧૧-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોરબી દુર્ઘટનાનો રાજ્યભરમાં શોક

## અમદાવાદના ટાગોર હોલમાં શોકસભા યોજાઈ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં



અમદાવાદ,

રવિવારની સાંજે મોરબીનો ઝૂલતો પુલ ધરાશાયી થતાં સેકન્ડોની અંદર ૧૩૫થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યા હતા. આ ગોઝારી ઘટનાને લઈને આજે ગુજરાતમાં રાજ્યવ્યાપી શોક મનાવવામાં આવ્યો હતો. મોરબી દુર્ઘટનાના દિવંગત આત્માઓને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના ટાઉનહૉલ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.એએમસી દ્વારા આયોજિત આ પ્રાર્થનાસભામાં રામધૂન અને ભજનોની પ્રસ્તુતિ સાથે દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ટાગોર હૉલમાં ભાવભીનો માહોલ છવાઈ ગયો હતો. અમદાવાદના ટાઉન હૉલ ખાતેના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર,અમદાવાદ શહેર મેયર કિરીટભાઈ પરમાર, સ્થાનિક સાંસદ અને ધારાસભ્યો, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર, કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલિ સભાના અંતે બે મિનિટ મૌન પાળી દિવંગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

દરમિયાન રાજકોટમાં કોર્પોરેશન, કલેક્ટર, જિલ્લા પંચાયત સહિત દરેક સરકારી કચેરીમાં આજે અડધી કાઠીએ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો મોરબી દુર્ઘટનામાં જીવ ખોનારા દિવંગતોના આત્માની શાંતિ માટે રાજકોટ મહાનગરપાલિકા કચેરી ખાતે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મૃતકો પ્રત્યે પ્રાર્થના યોજાઈ હતી જયારે બાર એસોસિયેશન દ્વારા મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી રાજ્યવ્યાપી શોકમાં શહેરભરના મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં અને મોરબી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી ખોડલધામ મંદિરે દરરોજ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. જ્યારે આજે રાજ્યવ્યાપી શોકના પગલે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો. તેમજ મોરબી બાદ રાજકોટ બાર એસોસિયેશન દ્વારા પણ આરોપીઓ તરફી કેસ નહીં લડવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આજે મોરબીની દુર્ઘટનામાં મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે શહેરના ૧૩ વોર્ડમાં જુદી જુદી જગ્યાઓ પર પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરના મોટીબાગ ટાઉનહોલ ખાતે રાજ્યના કેબિનેટ શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી, સાંસદ ભારતીબેન શિયાળ સહિત મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું.ત્યારે રાજ્યવ્યાપી શોકમાં ખેડા જિલ્લો

### સરકારી સંસ્થા પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાયો, ઠેર-ઠેર પ્રાર્થના સભાઓ, મૌન રેલી કાઢવામાં આવી

સહભાગી બની તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. ખાસ કરીને જિલ્લાની કચેરી પર લહેરાતા રાષ્ટ્રધ્વજને અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાજપ, કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો, સામાજિક સંસ્થાઓ સહિતના લોકોએ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. કેન્ડલ માર્ચ તથા આજે મૌન સભાનું પણ ઠેર ઠેર આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ મનપા દ્વારા પ્રાર્થના સભા યોજાઈ હતી દામોદર કુંડ ખાતે યોજાયેલી પ્રાર્થના સભામાં સાધુ સંતો ઉપરાંત મનપાના પદાધિકારીઓ અને શહેરીજનો જોડાયા હતાં જયારે સુરતમાં અલથાન કોમ્યુનિટી હોલ ખાતે સુરત પાલિકા દ્વારા પ્રાર્થના સભા યોજાઈ હતી જેમાં ધારાસભ્ય સંગીતા પાટીલ, પાલિકા કમિશ્નર, સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પટેલએ પ્રાર્થના સભામાં હાજરી આપી દિવંગત ના આત્મા ને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી.

આજે રાજ્ય વ્યાપી શોક. વિધાનસભા,સ્વર્ણિમ સંકુલ સહિત તમામ સરકારી કચેરી પર અડધી કાઠી એ ધ્વજ ફરકવાયો હતો અને તમામ સાંસ્કૃતિક અને મનોરંજન ના કાર્યક્રમો કરાયા રદ કરાયા હતાં અને રાજ્યમાં અનેક જગ્યાએ શોક સભાનું કરાયું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ હસ્તકની ઓફિસોમાં આજે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો મોરબીની ગોઝારી દુર્ઘટના બાદ વડાપ્રધાન મોદીએ મુલાકાત લઈને અસરગ્રસ્તોને સાંત્વના આપી હતી. મોદીની મોરબી મુલાકાત અંગે જાણકારી આપતા ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું કે વડાપ્રધાને દુર્ઘટના સ્થળનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તો સાથે મુલાકાત કરી હતી.

## મોરબી દુર્ઘટનામાં હજુ પણ કેટલાક લોકો મિસિંગ? ચોથા દિવસે પણ રેસ્કયુ કામગીરી ચાલું



મોરબી,

મોરબીમાં જુલતોપુલ રવિવારે સાંજે તૂટી પડ્યો હતો ત્યારબાદથી સતત રેસ્કયુ ઓપરેશનની કામગીરી કરવામાં આવી રહી છે. જો કે હજુ પણ કેટલાક લોકો મિસિંગ હોવાની માહિતી સામે આવી રહી હોવાથી તંત્ર દ્વારા એવો નિર્ણય કરવામાં આવ્યું છે કે હજુ પણ આગામી ચાર દિવસ સુધી આ તમામ જવાનોને અહીંયા રેસ્કયુ ઓપરેશનની કામગીરી માટે રાખવામાં આવશે.

હાલમાં મળતી માહિતી મુજબ અહીંયા એનડીઆરએફના જવાનો, આર્મીના જવાનો, નેવીના જવાનો, ફાયર બ્રિગેડના જવાનો આમ ૫૦૦ જેટલા જવાનો રેસ્કયુ ઓપરેશન કરી રહ્યા છે અને આ જવાનો આગામી ચાર દિવસ સુધી જુલતા પુલની અંદર જે લોકો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હોય અને તેની ડેડબોડી પાણીમાં હોય તો તેને શોધવાની કવાયત કરશે તેની સાથોસાથ જે લોકોના મોબાઈલ સહિતના ઈન્સ્ટૂમેન્ટ કે અન્ય કોઈ વસ્તુઓ નદીના પાણીમાં નીચે પડી ગયો હતો તેને પણ શોધીને પોલીસ સ્ટેશન કરી રહ્યા છે તેવી માહિતીઓ મળી રહી છે.

પત્ર અંગે કલેકટરે જણાવ્યું હતું કે તેઓ તેની તપાસ કરાવશે અને તે દરમિયાન કોઈ વાતચીત થઈ છે કે કેમ તે શોધી કાઢશે. કલેકટરના મતે, તેઓ માત્ર ૨ અઠવાડિયા પહેલા જ જોડાયા છે, તેમણે તેમના અગાઉના કલેક્ટરની કામગીરી અંગે જણાવ્યું હતું કે તેમણે સારી કામ કર્યું છે, તેમની તરફથી કોઈ ગડબડી નહોતી અને જ્યાં સુધી બ્રિજને પરમિશન આપવાની વાત છે તો આ પાલિકા દ્વારા ભરવામા આવતું પગલું છે.

આ ઉપરાંત રેસ્ક્યુ ઓપરેશન અંગે પણ વાતચીત કરવામાં આવી છે, કલેકટરના જણાવ્યા મુજબ ૧૭ લોકો સારવાર હેઠળ છે, ૧૩૫ લોકોના મોત થયા છે, એક વ્યક્તિ હજુ પણ ગુમ છે, જે વ્યક્તિ ગુમ છે તે પંજાબનો રહેવાસી છે, મોરબી વહીવટીતંત્ર તેના પરિવારના સભ્યોના સંપર્કમાં છે અને તમામ વિગતો મંગાવવામાં આવી રહી છે. દ્દહઈહ્લ, આર્મી, ફાયર બ્રિગેડ અને અન્ય એજન્સીઓ સહિત ૧૮ બોટ સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશનમાં તૈનાત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, મોરબીમાં જુલતો પુલ તૂટી પડતાં ૧૩૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે ત્યારે સરકારે આ તમામ મૃતકો માટે સહાયની જાહેરાત કરી હતી અને અત્યાર સુધીમાં મોરબીના વહીવટી તંત્ર દ્વારા ૧૩૫ લોકો કે જેમણે પોતાના જીવ આ દુર્ઘટના ગુમાવ્યા છે.

## તમિલનાડુમાં ભારે વરસાદથી તબાહી, ચેન્નાઈમાં ૨ના મોત, ૭ જિલ્લામાં શાળાઓ બંધ



ચેન્નાઈ,

તમિલનાડુની રાજધાની ચેન્નાઈ અને તેના ઉપનગરોમાં ભારે વરસાદને કારણે શહેર અને બહારના વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ જવાને કારણે ભારે વરસાદ થયો હતો, જ્યારે વરસાદ સંબંધિત ઘટનાઓમાં બે લોકોના મોત થયા હતા. દીવાલ ધરાશાયી થવાને કારણે એક પુરુષ વીજ કરંટ લાગ્યો હતો જ્યારે એક મહિલાનું મોત થયું હતું. આજે બુધવારે સવારે વરસાદ ઓછો થયો હોવા છતાં, ભારતીય હવામાન વિભાગે ચેન્નાઈ અને તેની આસપાસના જિલ્લાઓ (થિરુવલ્લુર, કાંચીપુરમ અને ચેંગલપટ્ટુ) માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.

હવામાન વિભાગનું કહેવું છે કે કાવેરી ડેલ્ટા ઝોન હેઠળ આવતા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં, રામનાથપુરમ અને શિવગંગામાં પણ ભારે વરસાદ પડી શકે છે. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. દરમિયાન, રાજ્ય સરકારે વરસાદને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલા તરીકે ચેન્નઈ, તિરુવલ્લુર અને રાનીપેટ સહિત ૭ જિલ્લાઓમાં શાળા અને કોલેજોમાં રજા જાહેર કરી હતી જેમાં વેલ્લોર, કાંજીપુરમ, વિલ્લુપુરમ અને ચેંગલપટ્ટુ જિલ્લામાં પણ શાળાઓ અને કોલેજો બંધ રહી હતી રાજધાની ચેન્નાઈમાં ગઈકાલે સવારે ૮.૩૦ વાગ્યાથી આજે સવારે ૫.૩૦ વાગ્યા સુધીમાં ૧૨૬.૧ મિમી વરસાદ નોંધાયો છે. દરમિયાન, તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને ચોમાસાની તૈયારીઓ પર ટોચના અધિકારીઓની ડિજિટલ બેઠકની અધ્યક્ષતા કરી અને અધિકારીઓને એકતામાં કામ કરવા અને ફરિયાદો પર તાત્કાલિક પગલાં લેવા નિર્દેશ આપ્યો.

પ્રાદેશિક હવામાન કેન્દ્ર મુજબ, ચેન્નાઈમાં આગામી ચોવીસ કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદ પડશે અને તિરુવલ્લુર, કાંચીપુરમ અને ચેંગલપટ્ટુ જેવા નજીકના જિલ્લાઓમાં આગામી થોડા દિવસોમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. આરએમસીએ જણાવ્યું કે તમિલનાડુના તિરુવન્નામલાઈ, વિલ્લુપુરમ, તિરુપટ્ટુર, કલ્લાકુરિચી, કુડ્ડલોર, અરિયાલુર, તંજાવુર, તિરુવરુર, નાગપટ્ટનમ, માયલાદુથુરાઈ, થેની, તેનકાસી, વિરુધુનગર, રામનાથપુરમ અને પુન્યારુમ, થિરુપટ્ટુરમ અને તિરુપ્રારીમાં વધુમાં જણાવ્યું હતું. કન્યાકુમારી જિલ્લાઓ. એક કે બે જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે.

ચેન્નાઈના મુખ્ય વિસ્તાર નુંગમ્બક્કમમાં એક જ દિવસમાં ૮ સેમી, ઉપનગરીય રેડ હિલ્સમાં ૧૩ સેમી અને પેરામ્બુરમાં ૧૨ સેમી વરસાદ નોંધાયો છે. તમિલનાડુમાં કાવેરી ડેલ્ટા ક્ષેત્ર અને કન્યાકુમારી જેવા દરિયાકાંઠાના વિસ્તારો સહિત ૧ સેમી અને ૯ સેમી વચ્ચે ભારે વરસાદ નોંધાયો હતો. તમિલનાડુમાં ૨૯ ઓક્ટોબરે ઉત્તરપૂર્વ ચોમાસાનો વરસાદ શરૂ થયો હતો.છેલ્લા ૩૦ વર્ષમાં પહેલી વખત ૧ નવેમ્બરના રોજ ચેન્નઈમાં આટલો વરસાદ થયો છે. જો કે, છેલ્લા ૭૨ વર્ષમાં ત્રીજો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. સ્થાનિક હવામાન વિભાગ અનુસાર, મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકની અંદર ચેન્નઈમાં ૮ સેમી વરસાદ પડ્યો છે. હવામાન વિભાગ અનુસાર, ચેન્નઈમાં ૧ નવેમ્બર ૧૯૯૦ના રોજ ૧૩ સેમી વરસાદ પડ્યો હતો. આ પહેલા ૧૯૬૪માં આજ તારીખે ૧૧ સેમી વરસાદ પડ્યો હતો. પૂર્વોત્તર ચોમાસું ૧૯ ઓક્ટોબરે તમિલનાડુના દરિયાકાંઠે પહોંચ્યું હતું અને ૩૦ ઓક્ટોબર સુધીમાં સમગ્ર રાજ્યમાં ફેલાઈ ગયું હતું. ચેન્નાઈના હવામાન વિભાગના વડા એસ બાલાચંદરે જણાવ્યું કે, તમિલનાડુમાં આ દિવસોમાં ૧ સેમીથી ૯ સેમી વચ્ચે વરસાદ પડી રહ્યો છે. તેમાં કાવેરી નદીના ડેલ્ટા અને દરિયાકાંઠાના વિસ્તારોનો પણ સમાવેશ થાય છે.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાના ભાગરૂપે ૪ નવેમ્બરે દિલ્હીમાં એક બેઠક યોજાશે

નવીદિલ્હી,

આજે દિલ્હીમાં કોંગ્રેસ સ્ક્રીનિંગ કમિટીની બેઠક મળી હતી બેઠકમાં આગામી ગુજરાત વિધાનસભા ઉમેદવારો પર ચર્ચા કરવામાં આવી હતી આ દરમિયાન રમેશ ચેન્નિતલાએ જણાવ્યુ હતુ કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાના ભાગરૂપે ૪ નવેમ્બરે દિલ્હીમાં એક બેઠક યોજાશે.

ચેન્નિતલા ત્રણ સભ્યોની પસંદગી સમિતિના અધ્યક્ષ છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે આ સમિતિની રચના કરી છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંતમાં યોજાય તેવી શક્યતા છે.

સમિતિના અન્ય બે સભ્યોમાં મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા શિવાજીરાવ મોઘે અને દિલ્હીના ભૂતપૂર્વ ધારાસભ્ય જયકિશનનો સમાવેશ થાય છે, જ્યારે રાજ્ય (ગુજરાત) એકમના પ્રમુખ જગદીશ ઠાકોર અને રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવા હોદ્દેદારો છે.

કેરળમાં કોંગ્રેસના ધારાસભ્ય ચેન્નિતલાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કોંગ્રેસ ભારતીય જનતા પાર્ટીને સત્તા પરથી હટાવવા જઈ રહી છે અને ગુજરાતમાં સરકાર બનાવશે. ચેન્નિતલાએ પત્રકારોને જણાવ્યું હતું કે, "એક બેઠક (પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે) થઈ છે અને બીજી બેઠક ૪ નવેમ્બરે યોજાશે.ઉમેદવારોની યાદી બહાર પાડતી વખતે તમામ પ્રકારનું વિચારીને નિર્ણય લેવામાં આવશે. ચેન્નિતલાએ કહ્યું હતું કે કોંગ્રેસ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ વિતરણમાં યુવાનો અને મહિલાઓને પ્રાથમિકતા આપશે.

## ગુજરાતમાં હોસ્પિટલોમાં સર્જાયેલા અગ્નિકાંડ મુદ્દે રાજ્ય સરકારનો જવાબ માગતી સુપ્રિમ

નવીદિલ્હી,

ગુજરાતમાં કોરોના કાળ સમયે ભરુચથી લઈ રાજકોટ સુધીની ખાસ કોવિડ હોસ્પિટલોમાં લાગેલી આગ અને દર્દીઓના મૃત્યુ બાબતે રાજ્ય સરકાર દ્વારા તપાસ કરવા નિયુક્ત કરાયેલા ગુજરાત હાઈકોર્ટના નિવૃત ન્યાયમૂર્તિ ડી.એ. મહેતાના નેતૃત્વ હેઠળની કમિટીના રિપોર્ટના આધારે રાજ્ય સરકારે શું પગલા લીધા છે ? તેનો અહેવાલ એક સપ્તાહમાં રજૂ કરવા સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની ખંડપીઠ દ્વારા સરકારની કામગીરી સામે સીધા પ્રશ્નો ઉઠાવાયા હતા અને ૨૦૨૦ અને ૨૦૨૧માં કોવિડ હોસ્પિટલોમાં લાગેલી આગને કારણે ૩૧ લોકોના મોત થયા હતા. તે અંગે અગાઉ સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારને નિયુક્ત કરાયેલા પંચના રિપોર્ટના આધારે એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું હતું.

સુપ્રિમ કોર્ટે આ અંગે સુનાવણી સમયે પુછ્યું હતું કે, સરકારે અત્યાર સુધીમાં શું પગલા લીધા છે ? આ સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે એ પણ પ્રશ્ન પુછ્યો કે પંચના રિપોર્ટ વિધાનસભાના મેજ પર રજૂ કરવામાં આવ્યો છે ? આ તકે સિનિયર એડવોકેટ દુષ્યંત દવેએ સર્વોચ્ચ અદાલતના એમએસક્યુરી તરીકે રજૂઆત કરતા જણાવ્યું કે એક તરફ ગેરકાનૂની રીતે ઉભી કરાયેલી હોસ્પિટલોમાં આગ સહિતની ઘટનાઓમાં સરકાર હજુ સુધી કોઈ એકશનમાં આવી નથી.

બીજી તરફ રાજ્ય સરકારે બે સપ્તાહ પૂર્વે જ ગેરકાનૂની બાંધકામોને નિયમિત કરવા માટેનો એક વટહુકમ પણ બહાર પાડ્યો છે અને જણાવ્યું કે હોસ્પિટલોમાં જે વારંવાર આગ લાગે છે તેની પાછળ પોલીસ અને મહાનગરપાલિકા દ્વારા કોઈપણ લાયસન્સ સહિતની પ્રક્રિયા વગર કોઈપણ વ્યાપારી સ્થાનમાં હોસ્પિટલો ખોલવાની મંજુરી આપવામાં આવે છે.

ખાસ કરીને રહેણાંક અને વ્યાપારી વિસ્તારમાં હોસ્પિટલો અંગે એક ખાસ ગાઈડલાઈન છે પરંતુ તેનું પાલન થતું નથી. ગુજરાતમાં કોવિડ કાળ દરમિયાન રાજકોટ સહિતની હોસ્પિટલોમાં લાગેલી આગમાં થયેલા મૃત્યુ બાદ પણ હજુ સુધી ભાગ્યે જ કોઈ હોસ્પિટલ સંચાલકો કે જવાબદારો સામે પગલા લેવાયા નથી.

## કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધી સાથે પુજા ભટ્ટ સામેલ થઈ



હૈદરાબાદ,

કોંગ્રેસની ભારત જોડો યાત્રા હાલમાં તેલંગાનાના હૈદરાબાદમાં છે. રાહુલ ગાંધીએ હૈદરાબાદમાં આજે પદયાત્રા શરુ કરી જેમાં અભિનેત્રી પૂજા ભટ્ટ સામેલ થઈ હતી.કોંગ્રેસે ટ્વિટ કરીને પૂજા ભટ્ટના યાત્રામાં સામેલ થવાના ફોટા શેર કર્યા છે. ભારત જોડો યાત્રામાં સતત લોકો જોઈએ રહ્યાં છે અને બધા લોકો ઉત્સાહપૂર્વક યાત્રામાં ભાગ લઈ રહ્યા છે. ત્યારે અભિનેત્રી અને ફિલ્મ નિર્માતા પૂજા ભટ્ટ થોડા સમય માટે કોંગ્રેસ પાર્ટીની ભારત જોડો યાત્રામાં જોડાઈ હતી. પૂજા ભટ્ટની ભારત જોડો યાત્રામાં ભાગ લેવાની માહિતી કોંગ્રેસ પાર્ટીના જ સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી ટ્વીટ કરવામાં આવી છે. સાથે જ લખ્યુ કે, 'દરરોજ નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે.' તમને જણાવી દઈએ કે પૂજા ભટ્ટે રાહુલ ગાંધી દ્વારા કાઢવામાં આવેલી ભારત જોડો યાત્રામાં થોડા સમય માટે ભાગ લીધો હતો. તમને જણાવી દઈએ કે પૂજા ભટ્ટ પહેલા અભિનેત્રી પૂનમ કૌર પણ કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં સામેલ થઈ હતી. આ દરમિયાન તેમની અને રાહુલ ગાંધીની એક તસવીર સામે આવી હતી. જેમાં બંને એકબીજાનો હાથ પકડેલા જોવા મળ્યા હતા. આ તસવીરને લઈને રાજકારણ પણ શરૂ થઈ ગયુ હતુ. જોકે, પૂનમે પ્રીતિ ગાંધીને જવાબ આપતા કહ્યુ હતુ કે, 'હું લપસી ગઈ હતી અને લગભગ પડી જવાની હતી, ત્યારે જ રાહુલ સરે મારો હાથ પકડી લીધો. પીએમ મોદી નારી શક્તિની વાત કરે છે પરંતુ તમે એ જ સ્ત્રી શક્તિનુ અપમાન કરી રહ્યા છો.'

## સિઝનનો પ્રથમ સ્નોફોલ : કાશ્મીરમાં હિમવર્ષા, લદાખનો રસ્તો બંધ, નવેમ્બરમાં દિવસે ગરમી, રાત્રે ઠંડી રહેશે

નવીદિલ્હી,

દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં નવેમ્બર મહિનામાં દિવસનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઘણું ઓછું રહેશે, જ્યારે ઉત્તર પશ્ચિમ ભારતનાં રાજ્યો જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશમાં દિવસનું તાપમાન સામાન્યથી વધુ રહેશે. હવામાન વિભાગે જારી કરેલા રિપોર્ટમાં આ આગાહી કરી છે.હવામાન વિભાગના મતે, ઉત્તર પશ્ચિમ ભારતને છોડીને દેશના અન્ય રાજ્યોમાં રાતનું તાપમાન સામાન્યથી વધુ રહેશે. આ ઉપરાંત નવેમ્બરમાં ઉત્તર પશ્ચિમ ભારતના રાજ્યોમાં દિવસ અને રાતના તાપમાનમાં ૧૫ ડિગ્રીનો ફર્ક નોંધાઈ શકે છે. એટલે કે દિવસે વધુ ગરમી રહેશે અને રાત્રે ઠંડી વધુ રહેશે.

હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ ડૉ. મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું છે કે, નવેમ્બરમાં દેશમાં વરસાદ સામાન્યથી ૨૩% વધુ રહેવાની શક્યતા છે. હાલ દક્ષિણ ભારતમાં ઉત્તર-પૂર્વ મોનસૂન આવ્યું છે. નવેમ્બરમાં દક્ષિણ ભારતમાં સામાન્ય રીતે ૧૧૮.૭ મિ.મી. વરસાદ નોંધાય છે, જ્યારે સમગ્ર દેશમાં નવેમ્બરમાં ૨૯.૭ મિ.મી. વરસાદ થાય છે.

જોકે, દક્ષિણ ભારતના કેટલાક હિસ્સામાં સામાન્યથી ઓછો વરસાદ થઈ શકે છે, પરંતુ કેટલાક વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદ થવાથી સરેરાશ વરસાદ વધુ રહેશે.

## નેશનલ સ્ટોક એક્સચેન્જના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર ચિત્રા રામકૃષ્ણ ષડયંત્રના માસ્ટરમાઈન્ડ : ED

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મની લોન્ડરિંગ કેસમાં નેશનલ સ્ટોક એક્સચેન્જના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર ચિત્રા રામકૃષ્ણાની જામીનની અરજીનો દિલ્હી હાઈકોર્ટમાં વિરોધ કર્યો છે. ઈડીએ કહ્યું કે તે આ મામલે ગુનાહિત ષડયંત્રનો માસ્ટરમાઈન્ડ છે. આ મામલો એનએસઈ કર્મચારીઓના ગેરકાયદેસર ફોન ટેપિંગ સાથે સંબંધિત છે. ઈડીએ ન્યાયમૂર્તિ જસમીત સિંહને જણાવ્યું હતું કે ફોન પર વાતચીત સાંભળવા અથવા તેમની દેખરેખ માટેની દરખાસ્ત રામકૃષ્ણ દ્વારા આગળ ધપાવવામાં આવી હતી, જે તે સમયે ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર હતા અને સર્વેલન્સ માટે ટેલિફોન નંબર અને કર્મચારીઓની ઓળખ કરી હતી. ઈડીએ કહ્યું કે તમામ મંજૂરીઓ કાં તો તેમના દ્વારા આપવામાં આવી હતી. ઈડીએ દલીલ કરી હતી કે અમારી પાસે એવા ઘણા લોકોના નિવેદન છે જેઓ તે સમયે એનએસઈમાં કામ કરતા હતા. તે બધાએ કહ્યું કે તેણે (રામકૃષ્ણ) ટેલિફોન નંબર અને કર્મચારીઓની ઓળખ કરવામાં આવી હતી. જ્યારે આ લોકો તેમની સામે આવ્યા ત્યારે રામકૃષ્ણ એ આ વાત સ્વીકારી.

## ચૂંટણી પહેલા પોલીસ વિભાગમાં મોટા ફેરફાર, ૨૭ PI અને ૩૪ PSIની બદલી

ગાંધીનગર,

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પહેલા બદલીઓનો દોર શરૂ થયા છે. આજે ૨૭ પોલીસ ઈન્સ્પેકટર અને ૩૪ પોલીસ સબ ઈન્સ્પેકટરની બદલી આદેશ છૂટયા છે. ડીજીપીના આદેશ બાદ તમામની બદલી કરાઈ છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, વિધાનસભા ચૂંટણીની સિઝન આવતા પહેલા ગુજરાતના પોલીસ વિભાગમાં બદલીની મોસમ જામી છે. ત્યારે એકી સાથે આજે ૨૭ પોલીસ ઈન્સ્પેકટર અને ૩૪ પોલીસ સબ ઈન્સ્પેકટરની બદલીના આદેશ આપવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે. ડીજીપી આશિષ ભાટિયાએ આ બદલીના આદેશ આપ્યા છે.

MY GYM 3.0

Dhiraj Malhotra

Strength and Congditioning Coach

Timing : 5 am to 11 am / 4 pm to 9 pm

Personal training
Level 1 trainer fees
3000 rupees per month
Level 2 trainer fees
8000 rupees per month

Facilities :
- Locker Room
- Changing Room
- Wash Room
- Air Conditional Gym
- Advance Gym Equipment

Service
- One on One Coaching
- Personal Training
- Group Training
- General Training
- Physiotherapist

WEIGHT LOSS / FAT LOSS BATCH FOR LADIES

Contact No. 99048 09508

Address : RAJAN SQUARE Opposite Vejalpur Police Station.

મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મોરબી ઝુલતા પુલ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકો પ્રત્યે મહીસાગર જિલ્લામાં ઠેર ઠેર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર, તારીખ ૨ નવેમ્બર ૨૦૨૨ના રોજ ગુજરાતમાં રાજ્યવ્યાપી શોક જાહેર કરાંતા મહીસાગર જિલ્લામાં મોરબી કરૂણાંતિકા ઘટનામાં અવસાન પામેલા સર્વે દિવંગત લોકોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને સરકારી ઈમારતો-કચેરી પર ફરકાવવામાં આવતો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ લહેરાવવામાં આવ્યો હતો.

મહીસાગર જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યા તથા વહિવટીતંત્રના અધિકારી-કર્મચારીઓએ પોતાની કચેરીમાં બે મિનીટ મૌન પાળી મોરબીની પુલ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોને શ્રધ્ધાંજલિ અર્પી હતી. કલેકટર કચેરી લુણાવાડા ખાતે રાષ્ટ્રધ્વજને અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો.

માહિસાગરની તમામ પ્રાંત કચેરી, નગરપાલિકા તેમજ સરકારી કચેરીના સ્ટાફ દ્વારા એક પ્રાર્થના સભા યોજીને અવસાન પામેલા દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા( આઈ.ટી.આઈ) લુણાવાડા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ જલભવન-વાસમો તેમજ જિલ્લાના વિવિધ સ્થળોએ મૌન પાળીને મૃતકોને શ્રધ્ધાજંલી આપવામાં આવી હતી.

આમ, સમગ્ર મહીસાગર જિલ્લામાં સરકારી કચેરીઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા પણ મોરબી કેબલ પુલ દુર્ઘટનામાં અવસાન પામેલા લોકો પ્રત્યે તથા પરિવારજનો પ્રત્યે આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુશક્તિ અર્પે તેવી સંવેદના પ્રગટ કરી દિવંગતોને શ્રધ્ધાજંલિ થકી શાંતિ અર્પવામાં આવી હતી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર જુના રામ દ્વારા મુકામે મોરબી હોનારતમાં અવસાન પામેલ નાગરિકો માટે શોક સભા જીલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયાની ઉપસ્થિતિમાં યોજવામા આવ્યો. સાથે જિલ્લાના મહામંત્રી રાવજીભાઈ પટેલ, નગર સંગઠન પ્રમુખ સંદીપભાઈ ભોઇ, પાલિકા ઉપપ્રમુખ હિતેશભાઈ ઉપાધ્યાય, જિલ્લા યુવા પ્રમુખ કેતનસિંહ ઝાલા સહિત પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરો હાજર રહ્યા હતા.



સંતરામપુર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં મોરબી દુર્ઘટનામાં મૃતકોની શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ. સંતરામપુર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ડાયટ આચાર્ય એવી પટેલ સ્ટાફ અધ્યાપકો તમામો આજે મૃતકોને બે મિનિટનું મૌન પાડીને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલી હતી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર નજીક મારૂ વાળા ગામેથી ખેતર માંથી ૧૨ ફૂટ લાંબો અજગર ઝડપી પાડ્યો. માતરીયા જંગલમાં છોડવામાં આવ્યો.

# દે. બારીયા તાલુકામાં ખાનગી લેબોરેટરીઓમાં દર્દીઓનું થતું શોષણ : લેબ રિપોર્ટમાં ડોકટરોને વધારે અનુકૂળતા

દાહોદ, દેવગઢ બારીયા તાલુકા મથકે સરકાર તરફથી અદ્યતન સુવિધા સાથેની સરકારી હોસ્પિટલ દર્દીઓની મફત સેવા માટે વર્ષોથી તો ઠીક પણ અંગ્રેજ સાશનના સમય થી શરૂ કરવામાં આવેલ છે. ગામડામાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. છતાંય પણ દર્દીઓ હજુ સરકારની મફત સેવાનો લાભ લેવાના બદલે ખાનગી દવાખાનામાં ઊંચી ફી ચૂકવી અને દવા સારવાર કરાવતા હોય છે.

હમણાં થોડા દિવસો થી પીપલોદ અને દેવગઢ બારીયા શહેર સહીત ગામડામાં વાઈરલ રોગોનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. ક્યાંક ક્યાંક ડેન્ગ્યુ જેવા તાવની અસરમાં દર્દીઓ દવાખાને સારવાર લઈ રહ્યા છે. સરકારી દવાખાને દર્દીઓ સારવાર કરાવવાનું છોડીને ખાનગી દવાખાને જતા હોય છે. પીપલોદ અને દેવગઢ બારીયા શહેરમાં મોટા ભાગના ડોક્ટર તેમના દવાખાને આવતા દર્દીને ચેકઅપ કરી તરતજ લેબોરેટરી રિપોર્ટ કઢાવવા માટે સૂચન કરતા હોય છે. દર્દી પોતે બીમાર હોય વહેલા તબિયતમાં સુધારો થાય તો સારૂ તેમ કરીને લેબોરેટરી રિપોર્ટ કઢાવવા માટે તૈયારી બતાવતા હોય છે અને ડોક્ટર પોતાના માણીતા લેબોરેટરી વાળાને ફોન કરી દર્દીના સેમ્પલ લેવા માટે દવાખાને બોલાવી લેતા હોય છે. લેબોરેટરી આસિસ્ટન્ટ દર્દીનું સેમ્પલ લઈ તરતજ લેબોરેટરી રિપોર્ટની ચકાસણી ફી પણ ઊંચી લેતા હોય છે. જેનું મુખ્ય કારણ જેતે ડોકટરનું લેબોરેટરીવાળા પાસે ૪૦% જેટલું કમિશન નકકી કરેલું હોવાની ખાનગી માહિતી જાણવા મળી છે. કેટલાક સંજોગોમાં રિપોર્ટની જરૂરિયાત નહીં હોવા છતાંય પણ ડોક્ટર પોતાનું કમિશન મળશે તેવા આશયે દર્દીનો મેડિકલ લેબોરેટરી રિપોર્ટ બનાવી દેતા હોય છે. પીપલોદ અને દેવગઢ બારીયામાં મોટાભાગના ખાનગી દવાખાનામાં હવે દર્દીનું ફરજીયાત લેબોરેટરી રિપોર્ટ કરાવવું બની ગયું છે. વર્ષો પહેલા દેવગઢ બારીયામાં કોઈ લેબોરેટરી હતી નહીં તે સમયે પણ દેવગઢ બારીયામાં ખાનગી દવાખાના હતા અને આજે પણ તેમાના સિનિયર ડોક્ટર હજુ હાજર છે. દર્દીની હાથની નાડી તપાસી અને રોગના લક્ષણો તથા દર્દીના ખોરાક વિશે જાણી લઈ તેઓ કોઇ લેબોરેટરી કરાવ્યા વગર ઓછી ફી દર્દી પાસે લઈ દવા સારવાર કરતા હતા. જે જગ જાહેર છે.

આમ, દેવગઢ બારીયા તાલુકામાં ખાનગી દવાખાનામાં સારવાર લેવા આવતા દર્દીઓનું ડોક્ટર દ્વારા ઘણીવાર બિનજરૂરી લેબોરેટરી રિપોર્ટ કઢાવી ગામડાના દર્દીઓનું આર્થિક શોષણ થઈ રહ્યું છે.

# મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા.૧૨.૧૧.૨૦૨૨ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરાશે

મહિસાગર, રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીનાં આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદનાઓનાં ઉપક્રમે મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ૧૨/૧૧/૨૦૨૨ને શનિવારનાં રોજ ૧૦:૦૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સમાધાન લાયક કેસો જેવા કે,ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ૧૩૮નાં કેસો, બેંક રીકવરીનાં કેસો, અકસ્માત વળતરનાં કેસો, મજૂર ડીટ્યૂટનાં કેસો, જમીન સંપાદનનાં કેસો, ફેરફાર/ભાગલા/વિભાજન/ભાડા બેંક વસુલાત/સુખાધિકારીનાં હકકો વિગેરેનાં દિવાની દાવાઓ, વીજળી અને પાણીનાં બીલનાં કેસો, પ્રીલીટીગેશન કેસો, રેવન્યુ કેસીસ, ભરણ પોષણનાં કેસો અને કૌટુંબીક ઝઘડાનાં કેસોનો સમાધાન લાયક કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નીકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલો, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર મું.લુણાવાડા તથા મહીસાગર જીલ્લાની જે તે ઓ તાલુકા કાનુની સેવા સમિતીનાં ચેરમેનઓને સંપર્ક કરશો.તેમ ફૂલ ટાઈમ સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડાની અખબારી યાદીમા જણાવેલ છે.



સંતરામપુર પ્રાંત કચેરીમાં ૧૨૩ વિધાનસભા ચૂંટણી અંગેની બેઠક યોજાઈ. સંતરામપુરમાં પ્રાંત કચેરી ૧૨૩ વિધાનસભા ચૂંટણી અંગેની મિટિંગ યોજવામાં આવેલી હતી. મામલતદાર, બીએલઓ, ચૂંટણી અધિકારી સહિત તમામ કામગીરી માટે આ મીટીંગ યોજીને ચૂંટણી અંગેની તૈયારી કરવામાં આવી હતી.

# પશ્ચિમ રેલ્વેના રતલામ મંડળમાં નવનિયુક્ત DRM દ્વારા દાહોદ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ

દાહોદ, રતલામ મંડળના નવ નિયુક્ત થયેલા DRM દ્વારા નવા વર્ષના નવા દિવસોમાં મંડળના વિવિધ સ્ટેશનો ખાતે સરપ્રાઈઝ વિઝીટ લીધી હતી. જે અતર્ગત મળિ દ્વારા દાહોદ સ્ટેશન તેમજ રેલવે કારખાનાની મુલાકાત લીધી હતી. તેમજ નિર્માણાધીન રેલવે પ્રોડક્શન યુનિટની મુલાકાત લઈ સ્થાનિક અધિકારી પાસે દરેક શાખાઓની ઝીણવટભરી માહિતી લઈ રેલવે તંત્રના જુદા જુદા વિભાગોમાં જઈ મંડળમાં વધુ સુવિધાઓ પુરી પાડવા DRM દ્વારા રજેરજની માહિતી મેળવી હતી.

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળી પૂર્વે રતલામ મંડળના તત્કાલીન DRM વિનીત ગુપ્તાની વહીવટી કારણોસર બદલી કરી તેમની જગ્યાએ ભારતીય રેલવે સિગ્નલ તથા દૂરસંચાર એન્જિનિયરિંગ સેવાના ૧૯૯૦ બેચના અધિકારી રજનીશ કુમારની નવા DRM તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. રતલામ મંડળમાં નિયુક્તિ પામેલા નવનિયુક્ત રજનીશ કુમારે દિવાળી બાદ નવા વર્ષના નવા દિવસોમાં રતલામ મંડળના વિવિધ સ્ટેશનો પર નિરીક્ષણ કરવા નીકળ્યા હતા. જે અંતર્ગત રજનીશ કુમાર આજરોજ પોતાના સ્પેશ્યલ સલુન વડે સવારે દાહોદ આવ્યા હતા. જ્યાં રેલવે તંત્રના તમામ વિભાગોના અધિકારીઓના કાફલા જોડે દાહોદ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યુ હતું. જેમાં પાર્સલ ઓફિસ, સ્ટેશન ઓફિસ, ટિકિટ વિન્ડો, રીલે રૂમ તેમજ ગોદીરોડ તરફના ફૂટ ઓવર બ્રિજની મુલાકાત લઈ દાહોદ રેલવે સ્ટેશન ખાતે વિવિધ શાખાઓમાં વધુ સુવિધાયુક્ત કેવી રીતે બનાવી શકાય તે માટે અધિકારીઓ જોડે વિસ્તાર પૂર્વક ચર્ચાઓ કરી રજેરજની માહિતી મેળવી કેટલાક નિર્દેશો અને સૂચનો પણ કર્યા હતા. ત્યારબાદ પત્રકારો જોડે વાર્તાલાપમાં દાહોદ-કતવારા સેક્શન રેલવેની સેફટી ટીમ દ્વારા નિરીક્ષણ કર્યા બાદ ચાલુ કરવાનું કીધું હતું. તેમજ બધી રોડની ટિકિટ બારી તથા બંધ પડેલી મેમુ ડેમો તેમજ વલસાડ ઈન્ટરસિટી જેવી ટ્રેનો ટ્રાફિકનું ભારણ તેમજ જરૂરિયાત થશે. ત્યારે ચાલુ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ DRM નો કાફલો ઈલેક્ટ્રીક લોકોમોટીવ વર્કશોપ એટલે નિર્માણાધીન (૯૦૦૦ મેગા વોટના રેલવે પ્રોડક્શન યુનિટ)ની સાઈટ ખાતે પહોંચી નિરીક્ષણ કર્યું હતું અને ત્યારબાદ પરત સાંજના સમયે સલૂન મારફતે રતલામ જવા રવાના થયા હતા.

# મોરબી દુર્ઘટનાના દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપતા કલેક્ટર સહિતના કર્મયોગીઓ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, મોરબી દુર્ઘટનાના દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું કલેકટર ડો. હર્ષિત ગોસાવીની ઉપસ્થિતિમાં કલેકટર કચેરીના પ્રાંગણમાં આયોજન કરવામાં આવ્યું હતું. દિવંગત આત્માઓની શાંતિ માટે અધિકારીઓ, કર્મચારીઓએ પ્રાર્થના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મોરબી દુર્ઘટનાના દિવંગતોના શોકમાં આજરોજ ૨ નવેમ્બરે ગુજરાતમાં રાજયવ્યાપી શોક પાળવામાં આવ્યો છે. કલેકટર કચેરી ખાતેના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર એ.બી.પાંડોર, સહિતના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહીને બે મિનિટ મૌન પાળી દિવંગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# દાહોદ જિલ્લાના શિક્ષકવર્ગ-વિદ્યાર્થીઓ દ્વારા મોરબી દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાજંલી



દાહોદ, દાહોદ જીલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ,શિક્ષકો, એસ.એમ.સી. સભ્યો, વાલીઓ અને ગ્રામજનો દ્વારા મોરબી હોનારતના દીવંગતોને શ્રધાંજલિ આપવામાં આવી હતી.

આજ રોજ દાહોદ જીલ્લાની પ્રાથમિક શાળાઓમાં બાળકો, શિક્ષકો, એસ.એમ.સી.સભ્યો, વાલીઓ અને ગ્રામજનો દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રાર્થના સભાનું આયોજન કરી મોરબી હોનારતમાં અવસાન પામેલ નાગરિકોના દિવંગત આત્માઓને શાંતિ અર્થે શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જીલ્લાના વિવિધ પ્રાથમિક શાળાઓ અને સ્થળો ઉપર ૩૭૭૨૧ વિદ્યાર્થીઓ, ૪૦૦૩ શિક્ષકો અને ૩૩૯૬૯ ગ્રામજનો મળી કુલ ૭૫૬૯૩ વ્યકિતઓ ઉપસ્થિત રહી શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# દાહોદ ખાતેથી પસાર થતી બે સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેનોના રેલવે તંત્રે પુનઃ સ્ટોપેજ ફાળવ્યા

દાહોદ, પશ્ચિમ રેલવેના રતલામ મંડળથી પસાર થતી અને કોરોના કાળ પહેલા દાહોદ ખાતે ઉભી રહેતી બે સુપરફાસ્ટ ટ્રેનોનો રેલવે તંત્ર દ્વારા પુનઃ સ્ટોપજ ફાળવવામાં આવતા દાહોદવાસીઓમાં આનંદની લાગણી છવાઈ છે. પરંતુ કોરોના કાળમાં બંધ પડેલી અન્ય કેટલીક સુપર ફાસ્ટ તેમજ આ વિસ્તારના નાના તેમજ મદયમ વર્ગ માટે લાઈફલાઈન ગણાતી પેસેન્જર ટ્રેનો હજી સુધી ચાલુ ન થતા દાહોદવાસીઓ તેમજ વેપારી વર્ગમાં એક પ્રકારનો વસવસો પણ લાગી રહ્યું છે.

દાહોદ હવે રેલવે પ્રોડક્સન યુનિટ સ્થાપવા જઈ રહ્યું છે. એટલું જ નહિ દાહોદ ઈન્દોર રેલમાર્ગના કારણે જંકશનની શ્રેણીમાં પણ સામેલ થવા જઈ રહ્યું છે. ત્યારે સ્વાભાવિક પણે સમગ્ર દેશ વિદેશમાંથી તજજ્ઞોની આવન જવાન સહીત રેલવે એન્જીન થતા અન્ય સર સમાનની અદલા બદલી કાજે દાહોદ ખાતે વધારામાં વધારે ગુડ્સ તેમજ સુપર ફાસ્ટ ટ્રેનોના સ્ટોપજની અત્યંત આવશ્યકતા રહેવાની છે. જોકે, કોરોના કાળ પહેલા રતલામ મંડળથી પસાર થતી ટ્રેનો પૈકી ૬૦ થી પણ વધુ ટ્રેનો દાહોદ ખાતે રોકાણ કરતી હતી. પણ કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં ટ્રેનો સદંતર બંધ થવા પામી હતી. અને પરિસ્થતિ સામાન્ય થતા સમયાંતરે વિવિધ રૂટની ટ્રેનો પુનઃ શરૂ કરાઈ છે. અને હવે તો લગભગ ૯૦ ટકા કરતા વધારે રૂટની ટ્રેનો રાબેતા મુજબ શરૂ થઈ ચુકી છે. ત્યારે દાહોદ સ્ટેશન ઉપર રોકાણ કરતી ટ્રેનો પૈકી મોટાભાગની સુપર ફાસ્ટ ટ્રેનોનો સ્ટોપજ આશ્ચર્યજનક રીતે ચાલુ ન રહેતા પ્રજાજનોમાં એક પ્રકારનો રોષ વહેતો થવા પામ્યો હતો. પરંતુ આ બાબતે જાગૃત નાગરિકો અને સંબંધિતોની સક્રિયતાના કારણે વારંવારની રજૂઆત પછી ધીમેધીમે દાહોદ ખાતે સુપરફાસ્ટ ટ્રેનોના સ્ટોપજો શરૂ થવા પામ્યા છે. હજી પણ દાહોદથી પસાર થતી અને અગાઉના સમયમાં સ્ટોપજ ધરાવતી ટ્રેનો પુનઃ પહેલાની માફક જ અહીંયા રોકાણ કરે તેવી જબરદસ્ત લાગણી અને માંગણી ઉભી થવા પામી છે. ત્યારે આવી ટ્રેનો પૈકીના ટ્રેન નંબર ૧૯૦૫૩/૫૪સુરત મુંજફફર પુર તેમજ ટ્રેન નંબર ૧૫૬૬૭/૬૮ ગાંધીધામ કામાખ્યા સુપર ફાસ્ટ ટ્રેન ને દાહોદ ખાતે સ્ટોપજના રેલવે તંત્ર દ્વારા મંજૂરી મળતા હવેથી આ ઉપરોકત આ બન્ને ટ્રેનો દાહોદ ખાતે નિયત સમય સારણી મુજબ રોકાણ કરશે. જેના પગલે દાહોદવાસીઓમાં ચોક્કસ આનંદની લાગણી છવાઈ છે. પરંતુ દાહોદ સહીત રાજસ્થાન તેમજ મદયપ્રદેશના સરહદી વિસ્તારોમાં વસવાટ કરતા લાખો લોકો માટે વાણિજય તેમજ આરોગ્ય હેતુ માટે લાઈફલાઈન ગણાતી અને આ વિસ્તારની મહત્વપૂર્ણ ગણાતી દાહોદ-વડોદરા, આણંદ-દાહોદ, તેમજ વલસાડ ઈન્ટરસીટી જેવી પેસેન્જર ટ્રેનો લાંબા સમયથી બંધ રહેવા પામતા લોકોમાં ભારે હાલાકી ભોગવી રહી છે. સાથે-સાથે વાણિજય હેતુથી વપરાશ કર્તા વેપારી આલમમાં વસવસો લાગી રહ્યો છે.

# દાહોદ વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસની પરિવર્તનનું આયોજન કરાયું



દાહોદ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ૧૩૨ દાહોદ વિધાનસભા ખાતે પરિવર્તન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ આગેવાનો સહિત કાર્યકર્તાઓ પરિવર્તન યાત્રામાં જોડાયા હતા. દાહોદ જિલ્લાના મુખ્ય મથકમાં આવેલ ૧૩૨ દાહોદ વિધાનસભા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પરિવર્તન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટરસાયકલો લઈ મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો સહિત કાર્યકર્તાઓ પરિવર્તન યાત્રામાં જોડાયા હતા. કોંગ્રેસની આ પરિવર્તન યાત્રા દાહોદના રાબદાળ ખાતેથી સવારે ૧૦:૩૦ વાગ્યાના સમયે નીકળી હતી અને ત્યાંથી અનાજ માર્કેટ રોડ થઈ ટોપી હોલ ખાતે પહોંચી હતી. જ્યાં સવારના ૧૧:૩૦ કલાકે પ્રસંગ પાર્ટી પ્લોટ ટોપી હોલ ખાતે જાહેર સભાને સંબોધિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી મોહન પ્રકાશ ઝા, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી ઉષાબેન નાયડુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ ભાઈ પટેલ, રાજ્ય સભાના સાંસદ નારણભાઈ રાઠવા સહિત કોંગ્રેસના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ફતેપુરાના સકવાડા ગામે જમીનના ઝગડામાં ૮ ઈસમો દ્વારા ધીંગાણું મચાવી બે મહિલાને ઈજાઓ પહોંચાડી

દાહોદ, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સકવાડા ગામે જમીન સંબંધી મામલે ૮ જેટલા ઈસમોએ ભારે ધિંગાણું મચાવતી એક વ્યક્તિના ઘર ઉપર પથ્થર મારો કરતાં કરતાં અને લાકડી વડે માર મારતાં બે મહિલાઓને શરીરે ઈજાઓ પહોંચાડી ઘરની આગળની મુકી રાખેલ ઘાસ સળગાવી દઈ નુકસાન પહોંચાડયાનું જાણવા મળે છે.

ગત તા.૨૯મી ઓક્ટોમ્બરના રોજ સકવાડા ગામે રહેતાં નરેશભાઈ જોરજીભાઈ ગરાસીયા, મગનભાઈ દલાભાઈ ગરાસીયા, મુકેશભાઈ લવજીભાઈ ગરાસીયા, ઈશ્વરભાઈ લવજીભાઈ ગરાસીયા, બાબુભાઈ જોગડાભાઈ ગરાસીયા, લાલસીંગભાઈ વેલજીભાઈ ગરાસીયા, છગનભાઈ દલાભાઈ ગરાસીયા અને શંકરભાઈ વેલજીભાઈ ગરાસીયાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે હાથમાં પથ્થરો અને લાકડીઓ લઈ પોતાના ગામમાં ગરાસીયા ફળિયામાં રહેતાં તેરસીંગભાઈના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ જમીન અમારી છે, તમો અહીંથી ઘર ખાલી કરીને જતાં રહો, અમારી જમીનમાંથી ડાંગર કેમ કાપી છે, ડાંગર કેમ વેચવા જાય છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ઘર પર છુટ્ટા પથ્થરો મારતાં મંગુબેન અને જબલીબેન તેરસીંગભાઈ ગરાસીયાને લાકડી વડે માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી ઘરની આગળ મુકી રાખેલ ઘાસ સળગાવી દઈ રૂા.૪,૦૦૦નું નુકસાન પહોંચાડતાં આ સંબંધે સકવાડા ગામે ગરાસીયા ફળિયામાં રહેતાં વિરસીંગભાઈ ફુલજીભાઈ ગરાસીયાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : કોઈપણ અપેક્ષિત શુભ પરિણામના આગમનથી મન પ્રસન્ન રહેશે. કોઈ પ્રિય વ્યક્તિ સાથે રમૂજમાં રાતનો સમય પસાર થશે. આનાથી તમે થોડી હળવાશ અનુભવશો.

વૃષભ : આજે શ્રેષ્ઠ વ્યક્તિ સાથેની મુલાકાતને કારણે મનમાં ખુશી રહેશે. ઉચ્ચ અધિકારીઓની કૃપા રહેશે. રોજગારીની દિશામાં પણ સફળતા મળશે. સાંજથી રાત સુધી અનિચ્છનીય મુસાફરીનો યોગ છે.

મિથુન : આજે તમારી શક્તિમાં વધારો થવાને કારણે શત્રુઓનું મનોબળ ઘટશે. પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. અન્યને મદદ કરવાથી દિલાસો મળશે. તેથી જરૂરિયાતમંદોને શક્ય તેટલી મદદ કરો.

કર્ક : આજે તમે જે પણ કામ કરશો તે સરળતાથી થઈ જશે. પરંતુ ધ્યાનમાં રાખો કે આજે નકામા કાર્યોમાં સમય બગાડો નહીં. ખર્ચમાં ઘટાડો કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સિંહ : આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. આ સાથે તમારું પારિવારિક જીવન પણ સુખી રહેશે. રાજકીય સમર્થન પણ મળશે. પણ તમારી વાણી પર સંયમ રાખો. પૈસાની લેવડદેવડમાં સાવધાની રાખો, નહીંતર આજે તમે મોટી મુશ્કેલીમાં ફસાઈ શકો છો. સાંજથી રાત સુધી પ્રેમ સંબંધ મજબૂત રહેશે.

કન્યા : આજે તમે વ્યવસાયમાં પ્રગતિથી ખૂબ જ ખુશ રહેશો. વિવાહિત જીવન પણ આજે આનંદદાયક રહેશે. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક બોજમાંથી રાહત અનુભવશે. પત્ની અને બાળકો સાથે સાંજથી રાત સુધી ફરવાનો યોગ છે.

તુલા : નવી ઓળખાણ કાયમી મિત્રતામાં બદલાશે. સમયનો લાભ લો, આજે તમને તમારી સારી કાર્યશૈલી અને નરમ વર્તનથી લાભ મળશે. તમે અન્ય લોકોનો સહકાર લેવામાં સફળ થશો.

વૃશ્ચિક : સાંસારિક આનંદ અને સન્માનમાં વધારો થશે, ભાગ્યનો વિકાસ યોગ ચાલી રહ્યો છે. આ સાથે નવી શોધોમાં પણ રસ વધશે. જૂના મિત્રોની મુલાકાતથી નવી આશાઓ પ્રબળ થશે, ઘરમાં ઉત્સવનું વાતાવરણ સર્જાશે.

ધનુ : આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત અને તણાવમુક્ત રહેશે. સમજદારીથી કાર્ય કરો અને તમારા નજીકના લોકો સાથે બિનજરૂરી વિવાદોમાં ના પડશો, નુકસાન થઈ શકે છે. સ્વાસ્થ્ય પણ નરમ રહેશે.

મકર : આજનો દિવસ મિશ્ર લાભનો છે. તેથી કોઈપણ નિર્ણય લેવામાં ઉતાવળ ના કરો. આજે વ્યાવસાયિક બાબતો વચ્ચે વ્યક્તિગત મતભેદો લાવવાથી નુકસાન થઈ શકે છે.

કુંભ : આજે તમે કોઈ પ્રિયજનના સ્વાસ્થ્યને લઈને ચિંતિત રહેશો. તમે થોડો વધારે કામનો ભાર પણ અનુભવશો. તમારા જુનિયરો પાસેથી કામ મેળવવા માટે, તમારે પ્રેમથી કામ કરાવવું પડશે. ઘરમાં પણ વાતાવરણ હળવું રાખો.

મીન : ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે. આજે તમે કોઈ પણ શુભ કે ધાર્મિક કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો.

Government of Gujarat

DEPARTMENT OF SCIENCE & TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

SCIENCE CITY AHMEDABAD

# GUJARAT announces

## INDIA'S BIGGEST STEM QUIZ

## INDIA'S BIGGEST ROBOFEST







**SHRI NARENDRA MODI**
Hon'ble Prime Minister of India

**SHRI BHUPENDRA PATEL**
Hon'ble Chief Minister of Gujarat

**A GOLDEN OPPORTUNITY FOR STUDENTS**

### GUJARAT STEM QUIZ

THE JOURNEY OF A NEW GENERATION

STEM Science, Technology, Engineering & Mathematics

**WHO CAN PARTICIPATE :**
Students from Std. IX to XII from any state board CBSE / ICSE

₹2 CRORE PRIZE MONEY WORTH

For Participation, Please register at
www.stemquiz.gujarat.gov.in

### ROBOFEST GUJARAT



ENGINEERING THE FUTURE!

3 Levels : Ideation, Proof of Concept, and Prototype

7 Categories of Robo Making

**WHO CAN PARTICIPATE :**
Students from any registered school (Class IX to XII)/ College/ University/ Institution running STEM Education

₹5 CRORE PRIZE MONEY WORTH

For Participation, Please register at
www.robofest.gujarat.gov.in

**LAST DATE FOR REGISTRATION : 31ST DECEMBER 2022**

DOUBLE ENGINE SARKAR
SAPNA SAKAAR

GUJARAT'S DOUBLE ENGINE SARKAR PLAN TO MAKE, THE STATE AS A SCIENTIFIC AND TECHNOLOGY HUB OF INDIA

**GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY**
Investing in Science, Investing in the Future
gujcost.gujarat.gov.in

**GUJARAT COUNCIL OF SCIENCE CITY**
Connecting Community with Science
sciencecity.gujarat.gov.in

# પંચમહાલના માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ કોંગ્રેસમાં જોડાતા BJP સામે તીખા તેવર બનાવ્યા

- કોંગ્રેસ પાર્ટી જ્યાંથી ચુંટણી લડવા કહેશે ત્યાંથી લડવાની વાત કરી.
- કેન્દ્ર સરકારની નીતિઓથી નારાજ થઈ કોંગ્રેસમાં જોડાયા.



ગોધરા,

પંચમહાલ જીલ્લાના પૂર્વ સાસંદ પ્રભાતસિંહ ચૌહાણ ગતરોજ ફાગવેલ ખાતે કોંગ્રેસની પરિવર્તન યાત્રા દરમિયાન કોંગ્રેસમાં જોડાયા છે. બીજેપીના માજી સાંસદ કોંગ્રેસમાં જોડાતાની સાથે ભાજપ સરકાર સામે નારાજગી વ્યક્ત કરી અને કોંગ્રેસને મજબુત કરવા માટે કામ કરવાની વાત કરી.

પંચમહાલ જીલ્લાના બીજેપીના માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ ગતરોજ ફાગવેલ ખાતે કોંગ્રેસની પરિવર્તન યાત્રા દરમિયાન કોંગ્રેસના નેતાઓની હાજરીમાં કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. કોંગ્રેસમાં પ્રવેશતાની સાથે માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણે તીખા તેવર બનાવ્યા છે. પ્રભાતસિંહ ચૌહાણે કહ્યું કે, " મૂછ નહીં તો કુછ નહીં " પંચમહાલ બીજેપીના કોઈ નેતાથી નારાજગી નથી. ભારત સરકાર થી નારાજગી છે. બીજેપીના સાશનમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. નલ સે જલ યોજનામાં ૨૫ લાખ લોકોને પાણી આપ્યું છે. તેવી વાતો કરે છે પણ સાબિત કરી બતાવે એકને પણ પાણી આપ્યું નથી. ભાજપ માત્ર લોભામણા વચનો આપે છે. બજેટમાં જોગવાઈ નથી. એવા કામોના ખાતમુર્હત કરે છે. માત્ર ખાતમુર્હત કરીને વોટ પડાવવાની વાતો છે. તેનાથી આગળ પ્રભાતસિંહ ચૌહાણે પોતાના પરિવારના સભ્યો ભાજપમાં છે. તે અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, તેમની પસંદ છે. હું પરિવારનો મોભી છું પરિવાર સાથે ચર્ચા કરીશ અને તેમને પણ કોંગ્રેસમાં લાવવાનો પ્રયત્ન કરીશ પ્રભાતસિંહ ચૌહાણે જણાવ્યું કે, ભાજપ માંથી કોઈની હિંમત નથી મને મનાવવા માટે મારી પાસે આવે. ચુંટણી લડવા અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી જ્યાંથી ટીકીટ આપશે. ત્યાંથી ચુંટણી લડીશ પણ મારી ઈચ્છા ગોધરા બેઠક થી લડવાની છે. કોંગ્રેસ પાર્ટી મારી માતૃ સંસ્થા છે. માત્ર રાજકારણની શરૂઆત કોંગ્રેસ પાર્ટીની થયેલ છે. કોંગ્રેસ માંથી ટીકીટ ફાળવવામાં આવે તો ગોધરા તેમજ જીલ્લા ઓબીસી તેમજ મુસ્લીમ સમાજ સહિત અન્ય બધાજ સમાજ મારી સાથે છે અને હું બધા વર્ગનો ઉમેદવાર છું કોંગ્રેસમાં જોડાતા સાથે ભાજપ સામે તીખા તેવર બતાવતા પંચમહાલ જીલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

## શહેરાના વાઘજીપૂર ગામ ખાતે ૨૦ દિવસ પહેલા મળેલ બિનવારસી લાશનો ભેદ ઉકેલી કાઢયો



શહેરા,

શહેરા પોલીસે તાલુકાના વાઘજીપૂર ગામના ઘડિયા ફળિયામાં માર્ગ પરથી ૨૦ દિવસ પહેલા મળેલ બિનવારસી યુવકની લાશ નો ભેદ ઉકેલી કાઢયો હતો. પોલીસ તપાસમાં યુવકની પ્રેમ સંબંધમાં હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવતા પોલીસે યુવતીના ભાઈની ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી હોય ત્યારે અન્ય વ્યક્તિઓના પણ નામ ખુલી શકે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

શહેરા પોલીસને ૨૦દિવસ પહેલા તાલુકાના વાઘજીપુર ગામના ઘડિયા ફળિયાના માર્ગ પર એક ગળે ફાંસો ખાધેલી યુવાનની ઊંધી હાલતમાં લાશ મળી આવતા પોલીસ મથકના પી.આઈ. રાહુલ રાજપુત અને પો.કો. નરેશ બારીઆ તેમજ અન્ય પોલીસ સ્ટાફ ત્યાં પહોંચી જઈને જરૂરી તપાસ હાથ ધરી હતી. ૨૩ વર્ષીય યુવકની લાશની ઓળખ નહીં થતા લાશ કોની હશે તે એક સવા પોલીસ માટે બની જવા પામ્યો હતો. પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર રાહુલ રાજપુત દ્વારા ઝીણવટ ભરી તપાસ કરવામાં આવતા યુવકની પ્રેમ સંબંધમાં હત્યા થઈ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસને મળી આવેલી લાશ દલવાડા ગામના ૨૩ વર્ષીય યુવક ગોવિંદ વાઘરીની હોવાનું બહાર આવા સાથે તેને દક્ષા નામની યુવતી સાથે પ્રેમ સંબંધ હોવાથી તેના ભાઇ સહિત અન્ય વ્યક્તિઓએ તેની હત્યા કરી હોવાનું પોલીસ પાસેથી જાણવા મળેલ હતું. પોલીસે મરણ ગયેલ યુવક ગોવિંદ વાઘરીના હત્યારાઓને પકડી પાડવા માટેના ચક્રોગતિમાન કરતા પોલીસે મોરવા હડફ તાલુકાના બામણા ગામનો શૈલેષ શનાભાઈ માલીવાડ આ હત્યાના ગુનામાં સંડોવાયેલો હોવાથી તેની ધરપકડ કરીને પૂછપરછનો દોર શરૂ કર્યો હતો. પોલીસે પકડી પાડેલ હત્યાના આરોપી શૈલેષની પૂછપરછમાં અન્ય વ્યક્તિઓના પણ નામો ખુલી શકે તેવી શક્યતા રહેલી છે. હાલ તો પોલીસે ગોવિંદના હત્યાના ગુનામાં એકની ધરપકડ કરીને ૩૦૨ મુજબ ગુનો નોંધીને વધુ તપાસના હાથધરી હોય ત્યારે બીજા અન્ય વ્યક્તિઓ પણ આ હત્યાના ગુનામાં સંડોવાયેલા હોઈ શકે તો નવાઈ નહી.

## કાલોલના શામળદેવી-મઘવાસના તલાટી રાજકીય ઓથામાં બેફામ બન્યા : સરકાર કચેરીની સમકક્ષ ખાનગી ઓફિસ થી વહીવટ

ગોધરા,

કાલોલ તાલુકાના શામળદેવી–મધવાસ ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા એસ.એસ.ઠાકોર પોતાની ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી દાખવી રહ્યા છે. બન્ને ગામના ગ્રામજનો દ્વારા તલાટી પંચાયત કચેરીએ ગેરહાજર રહેવા બાબતે રજુઆત થયેલ હોવા છતાં રાજકીય ઓથ ધરાવતા તલાટી સામે કોઈ ખાતાકીય પગલાં નહિ ભરવામાં આવતાં તલાટીના રાજકીય પ્રભાવની અસર હેઠળ અધિકારીઓ પણ આવી ગયા હોય તેવી ચર્ચાઓએ જોર પકડયું છે.

કાલોલના શામળદેવી–મધવાસના તલાટી કમ મંત્રી એસ.એસ.ઠાકોર પંચાયત કચેરીમાં હાજર રહેતા નથી અને ફરજના સેજા ઉપર હાજર નહિ રહી ગામના અરજદારોના કામો માટે તલાટી એસ.એસ.ઠાકોર દ્વારા કાલોલ તાલુકા પંચાયત કચેરીની સામે ખોલેલ પ્રાઈવેટ ઓફિસમાં બોલાવીને કામો કરી રહ્યા છે. તેની જાણકારી કાલોલ તાલુકા કચેરીના અધિકારીની જાણમાં હોવા છતાં અને અનેક રજુઆતો બાદ પણ કાર્યવાહી કરવામાં પાછી પાની કરી રહ્યા છે. હાલ સરકારી ફરજ બજાવતા તલાટી ઉપર રાજકીય નેતાઓની ઓથ હોવાથી બેફામ બન્યા છે અને વહીવટી તંત્રનો ડર રહ્યો નથી. ત્યારે આ ઓછું હોય તેમ તલાટી એસ.એસ.ઠાકોરના પરિવારના સભ્ય વિધાનસભા ચુંટણીમાં રાજકીય પાર્ટીમાં ઉમેદવારના દાવેદાર છે. જ્યારે હાલ માત્ર રાજકીય પાર્ટીના ઓથા હેઠળ સરકારી કચેરીમાં હાજરી નહિ આપતાં તલાટીના પરિવારના સભ્યને ટીકીટ મળે તે ધારાસભ્ય બને તો સરકારી પ્રજા સેવક લોકોની કેવી સેવા કરશે તે પણ અત્યાર થી લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## મધ્ય ગુજરાત રોહિત સમાજના આગેવાનોનું સ્નેહ મિલન કાર્યક્રમ પોપટપુરા ખાતે યોજાયું



શહેરા,

સમતા ફાઉન્ડેશનના નેજા હેઠળ મધ્ય ગુજરાત રોહિત સમાજના આગેવાનોનું નવા વર્ષનું સ્નેહમિલન પોપટપુરા ગણેશ મંદિર ખાતે રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સમાજના અગ્રણીઓનું કુલહાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મદય ગુજરાત રોહિત સમાજના પાંચમા વિદ્યાર્થી સન્માન સમારોહનો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો. સમતા ફાઉન્ડેશનના સંસ્થાપક અને માર્ગદર્શક સુરેશભાઈ દ્વારા સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે એ માટે સમાજને આહવાન કર્યું હતું. સમતા ફાઉન્ડેશનના આ વર્ષ માટે નીલેશભાઈ મકવાણાને પ્રમુખ સ્થાને વરણી કરવા સાથે તાલુકા પ્રમુખઓની પણ વરણી કરવામાં આવી હતી. તાજેતરમાં મામલતદાર તરીકે પ્રમોશન પામેલા કે.પી. મકવાણાનું સાલ અને બુકે આપી ને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોહિત સમાજના આગેવાન ડાહ્યાભાઈ નવાગામ, ભાનુભાઈ, ચંદુભાઈ હાલોલવાળા, રમણભાઈ કોઠંબા, રતિલાલભાઈ કોઠંબાવાળા, જશુભાઈ જોઝ, હરીશભાઈ પાલ્લા એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સમાજ માંથી કુરિવાજ નાબૂદી કરીને શિક્ષણનો વ્યાપ વધારવા આહવાન કર્યું હતું. આ નવા વર્ષને લઈને રાખવામાં આવેલ કાર્યક્રમનું સફળ સંચાલન વિનોદભાઈ અને સુરેશભાઈ એડવોકેટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઘોઘંબા નિશાળ ફળીયા નદીના ઝાંખરામાં સંતાડી રાખેલ ૭૨ હજારના ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા નિશાળ ફળીયામાં રહેતા ઈસમો પોતાના ઘર નજીક ઈંગ્લીશ દારૂ રાખીને ધંધો કરતો હોય તે સ્થળે રાજગઢ પોલીસે રેઈડ કરી ૭૨,૦૦૦/–રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા નિશાળ ફળીયામાં રહેતા સંજય ઉર્ફે ભેદી વિક્રમસિંહ ચૌહાણ પોતાના ઘર નજીક નદીની ઘસમાં આવેલ ઝાડીઓમાં ઈંગ્લીશ દારૂ સંતાડી રાખેલ ધંધો કરતો હોય તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ મેકડોવેલ પેટી નંગ–૫, પ્રીમીયમ વ્હીસ્કી પેટી નંગ–૫, બીયર ટીન નંગ–૧૦ મળી ૭૨,૦૦૦/– રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલ મલાવ રોડ દેવાપુરા પાસે સેન્ટો કારમાં લઈ જવાતો ૪૩ હજારનો બીયરનો જથ્થો ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના મલાવ રોડ દેવપુરા ગામે સેન્ટો ગાડીમાં લઈ જવાતો ૪૩,૨૦૦/–રૂપીયાના ઈંગ્લીશ દારૂ સહિત ૧,૨૩,૨૦૦/–રૂપીયાનો મુદ્દામાલ પોલીસે ઝડપ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના મલાવ રોડ દેવપુરા ગામે રહેતા હરેશભાઈ માધાભાઈ પરમાર પોતાની સેન્ટો ગાડી નંબર જીજે.૧૫.પીપી.૪૧૨૯ પસાર થતા હોય દરમિયાન પોલીસે નાકાબંધી દરમિયાન વાહન ચેકીંગ કરતાં હોય જેથી ચાલક ગાડી છોડી નાશી છુટીયો હતો. પોલીસ દ્વારા સેન્ટો ગાડીની તપાસ દરમિયાન બીયર ટીન નંગ–૪૩ કિંમત ૪૩,૦૦૦/–રૂપીયા અને કાર મળી ૧,૨૩,૨૦૦/–રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.

## મુંબઈ કલ્યાણ થી અજમેર પેદલ જવા નીકળેલ ત્રણ યુવાનનું વેજલપુરમાં સ્વાગત



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

એક તરફ કેરલાનો યુવાન સિંહાબભાઈ થોડા સમય પહેલાં પેદલ ચાલીને હજ યાત્રા કરવા માટે નીકળ્યો હતો. ત્યારે ગુજરાતમાં તેઓનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેઓ પાછળ અનેક લોકો કેટલાક કિલોમીટર સુધી પેદલ ચાલ્યા હતા. ત્યારે મુંબઈ કલ્યાણ થી ૧૮/૧૦/૨૦૨૨ ના રોજ મુંબઈથી અજમેર શરીફ પેદલ યાત્રા કરવા નીકળેલ ત્રણ યુવાન વેજલપુર ખાતે આવી પહોંચ્યા હતા. જેમાં અજીમખાન પઠાણ, રજાકુરેશી, અંકિત ભોહિરનું ત્રણ યુવાનોનું સ્વાગત કરી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતુંઅને તેઓને હોટલ સહયોગ ઉપર જમવાની અને જરૂરીયાત પૂરી પાડવામાં આવી હતી. ત્યારે સહયોગ હોટલ દ્વારા તેઓને એક સારો રિસ્પોન્સ આપી તેઓએ પણ એક સારી સેવા આપી હતી. જેથી આટલી દૂર થી આવેલ ત્રણ યુવાનો ખુશ ખુશાલ થયા હતા અને પછી ગોધરા તરફ રવાના થયા હતા.

## શહેરા ભાજપ કાર્યાલય સહિત અનેક ગામોમાં મોરબી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ માટે મૌન પડાયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા ભાજપ કાર્યાલય ખાતે મોરબીની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ અર્થે શ્રદ્ધાંજલિ અને પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. ભાજપ અગ્રણી સહિત ઉપસ્થિત સૌએ મીણબત્તી પ્રગટાવીને બે મિનિટ મૌન પાળીને મોરબી ઝૂલતા પુલની દુર્ઘટનામાં અવસાન પામેલા મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

શહેરાના નાંદરવા ગામ ખાતે ભાજપ અગ્રણી ખાતુભાઈ પગીની ઉપસ્થિતિમાં મોરબીની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ અર્થે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભાજપ અગ્રણી ખાતુભાઈ પગી સહિત ઉપસ્થિત સૌએ મીણબત્તી પ્રગટાવીને બે મિનિટ મૌન પાળીને મોરબી ઝૂલતા પુલની દુર્ઘટનામાં અવસાન પામેલા મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

મોરબી હોનારતને પગલે પંચમહાલમાં અનેક જગ્યાએ મૃતકોના આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. જ્યારે શહેરા ખાતે આમ આદમી પાર્ટીના તખતસિંહ સોલંકી સહિતના કાર્યકરો કાળો ડ્રેસ અને કાળી પટ્ટી ધારણ કરીને કેન્ડલ માર્ચમાં જોડાયા હતા અને મૂર્તકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

## કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ પાવાગઢ દેવ દિવાળીના દિવસે અન્નકૂટ આયોજનની વિશેષ સુચના

પાવાગઢ,

દેવ દિવાળીના દિવસે પૂર્ણ સમયનું ચંદ્રગ્રહણ હોવાથી મંદિર સવારે ૬:૩૦ થી ૦૭ :૦૦ કલાક સુધી બંધ રહેવાનું છે. તે સંજોગોમાં અન્નકૂટનું આયોજન શક્ય નથી. મુલતવી રાખેલ કાર્યક્રમ તારીખ ૧૫/૧૧/૨૨ ને મંગળવારના રોજ યોજાશે. સૌ માતાજીના ભક્તોએ નોંધ લેવી.

## ફતેપુરામાં શિવકથાના પાંચમાં દિવસે પૂજ્ય ગિરીબાપુએ મંત્રનો સાર સમજાવ્યો

ફતેપુરા,

આજે પાંચમા દિવસે ના શિવ કથામાં પૂજ્ય ગિરીબાપુએ નારદજી મંત્ર જાપ કરતાં પહેલાં બ્રહ્માજીને કહે છે કે, મને શિવ મહાત્મ્ય જણાવો. ત્યારે બ્રહ્માએ કહ્યું હું શું કહું એમનું મહાત્મ્ય ? મને જ ખુદ ખબર જ નથી. શિવ તો આદિ અનાદી અનંતાનંત છે હું પણ એનો પાર પામી શક્યો નથી.

મસ્તક આકાશમાં પગ પાતાળમાં આખુ બ્રહ્માંડ ઉદરમાં સમાયેલું હોય એનો હું કોઈ રીતે પાર પામી શક્યો નથી.

શિવ ક્યાં નથી ? અત્ર તત્ર સર્વત્ર સમગ્ર બ્રહ્માંડનો એ પિતા છે, તને આ જે પણ કંઈ દેખાય રહ્યું છે. એજ તો એનું રૂપ છે એજ એનું મહાત્મ્ય છે.

સમગ્ર બ્રહ્માંડમાં ચરાચરમાં શિવ તત્વ વ્યાપ્ત છે .એ બધામાં સમાયેલો છે.

શ્રધ્ધા અને વિશ્વાસ એજ શિવ અને શક્તિ છે, એમાં થી આ જે કંઈ છે એનું નિર્માણ થયું છે. મેં શિવને જોયા જ નથી. શિવ નું મને ખબર જ નથી. એનો કોઈ જ આકાર નથી કોઈ જ રૂપ નથી કોઈ જ રંગ ગંધ હાથ પગ આંખ કાન નાક જીભ કોઈ જ રૂપમાં નથી એતો નિર્ગુણ નિરાકાર છે.

આ ચારેય બાજુ જે પણ કંઈ દેખાય છે, એજ શિવ છે. શિવ મંદિરમાં નથી, એ તો સારી સૃષ્ટિમાં તમામ જીવો નાઇ રૂપમાં રહેલા છે.

પુજ્ય ગિરીબાપુએ નંદી વિશે સમજાવતાં કહ્યું કે, નંદી એ કોઈ આખલો કે બળદ નથી પરંતુ ઘરડો થય ગયેલો ખેડૂતનો વૃધ્ધ બળદ છે કે, જેણે આખી જિંદગી ખેડૂતને મદદ કરી અનાજ કઠોળ પુરૂં પાડવામાં પોતાની આંખી જિંદગી પુર્ણ કરી દીધી એ બળદ એને મેં મારી સામે જ રાખ્યો છે કે જેથી સૌપ્રથમ મનુષ્ય એની પુજા અર્ચના કરે.

મનની શાંતિ માટે એકાગ્ર તા માટે બાપુ એ કહ્યું કે, આપણું ચિત્ત આમતેમ ભટકે છે. તેને કાબૂમાં રાખીને શિવ ધ્યાન કરો એમાં વિશ્વાસ અતુટ શ્રધ્ધા રાખો અને એને ભજો.

કોઈ કહે છે કે, મેં શિવના દર્શન કર્યા છે અને ચમત્કાર કરી બતાવે છે. એમાં અંધશ્રદ્ધામાં કોઈ પડશો નહીં. દોરા ધાગામાં લુટાઈ જશો, કોઈ જ ડાકણ–શાકણ ભુતમાં પડશો નહીં. ડાકણ–શાકણ, ભુત એતો શિવના ભક્તો છે. શિવ ઉપાસક છે, એ મળે તો કહેજો કે ૐ નમઃ શિવાય.... ૐ હરહર મહાદેવ... તો તમે મિત્રો બનશો.

અંતમાં કહ્યું કે, હે શંભુ ચરણે પડી માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો દયા કરી દર્શન શિવ આપો. ભગવાન ભોળાનાથ તો ભોળીઓ છે. બધા બીજા દેવ–દેવીઓની પુજા–અર્ચના કરે અને કંઈક ખોટું થાય તો કોઈ જ લાભ ન મળે જ્યારે ભોળાનાથને શું જોઈએ માત્ર શુધ્ધ ભાવના જોઈએ દેશી ગૌમાતાની એક ચમચી દુધ ચઢાવતા શિવ રાજી રાજી થઈ જાય છે અને ત્યાં તમારે કશું જ માંગવું પડતું નથી. એ આપી જ દે છે, કારણ કે એને તમારી ખબર છે.

## ગોધરા સ્ટેશન રોડ ઉપર આવેલ સીટી ટીકા નં.૨૨૮/૧/અ વાળી ધાર્મિક ટ્રસ્ટની મિલ્કત લઘુમતી ઈસમોને ગેરકાયદેસર વેચાણ કરાઈ

ગોધરા,

ગોધરા ધારાના સીટી સર્વે નંબર ૨૨૮/૧/અ જેનો ક્ષેત્રફળ ૧૭૨૫,૭૭૭૬ વાળી જમીનમાં ઈકવાયરી ઓફિસરના ઠરાવને આધારે સને ૧૯૩૬માં હકક પ્રાપ્તિનો આધારની રાહે ધારણ કરનાર મહાલક્ષ્મી માતાના વહીવટદાર રણછોડરાય મોયારામ જુના વહીવટદાર સી.સી.નં.૧૪/૨૮૮/૨ થી ૧૪/૨૮૮/૨૪ એકત્ર થવાથી ધારણ કરનારનું વહીવટદાર તરીકે મંદિર જમીનોમાં નામો દાખલ થયેલ છે અને આ મિલ્કતોમાં અશાંતધારો લાગુ થયેલ છે. આ જમીનોમાં અમુક મિલ્કતો ભાડા પટ્ટે આપેલની નોંધો છે. ત્યારબાદ તા.૧૯/૦૫/૨૦૦૧ થી લઈ ધાર્મિક જમીનોમાં ખોટી રીતે ભાડા પટ્ટા બનાવી ખોટા અધિકારી મોટી મોટી લાંચો આપી ખોટા દસ્તાવેજો બનાવી પોતાના નામે તથા સગા સંબંધીઓ નામે નોંધ નં.૬૧૩ તા.૨૧/૦૭/૨૦૦૭ કોઈપણ જાતના આધાર પુરાવા વગર સીટી સર્વે સુપ્રિ. દ્વારા ધર્મિદા વહિવટદારોની જાણ બહાર તા.૧૨/૦૯/૨૦૦૭માં પ્રમાણિત કરેલ છે. જે નોંધમાં સીટી ટીકા નં.૧૪ સી. સ.નં.૧૪/૨૮૮/૧/અ/ તથા ૧૪/૨૨૮/૧–બ તથા ૧૪/૨૮૮/૨ થી ૧૪/૨૮૮/૨૪માં મહાલક્ષ્મી માતા વહીવટદાર તથા ચેરીટી કમિશ્નરની જાણ તથા પરમીશન વગર ગોધરાના અસામાજીક તત્વો સાથે જોડાયેલા અને વર્ષોથી ભાગીદારી કરી નામી અનામી મિલ્કતો ધરાવનાર હિંદુ કોમના વર્ષાબેન વસંતકુમાર ભગત દ્વારા તથા મુસ્લીમ કોમના ઈલ્યાસ અહેમદ સિંધી તથા સીદ્દીક યુસુફ છુગા દ્વારા પોતાના આજુબાજુ નજીકના સગા–સંબંધીઓ દ્વારા મહાલક્ષ્મી માતાની ધાર્મિક જમીનો એક બીજાને વેચાણ કરી કરાવી કરોડોનો કૌભાંડ કરેલ છે અને ગેરકાયદેસર ચેરીટી કમિશ્નરના હુકમો વગર બારોબાર ધાર્મિક જમીનોમાં મોટા પ્રમાણમાં વેચાણ કરી નાખેલ છે. જે ઈસમોના નિવેદનો લેવામાં આવે તો કોને કેટલા રૂપીયા આપી વેચાણ લીધેલની હકીકતો બહાર આવવાની સંભાવના છે.

આમ, આ ધર્માદા જમીનો મહાલક્ષ્મી માતાના કયા કયા વહીવટદારોની સંમતિ છે. જે તપાસ દરમિયાન બહાર આવે તેમ છે. આમ, નોંધ નં.૨૫૩૭–૨૫૩૮–૨૫૪૭ની નોંધો તા.૧૨/૧૨/૨૦૧૩ તથા૨૪/૧૨/૨૦૧૩ નામંજુરની નોંધો તા.૧૧/૮/૨૦૧૪ના રોજ કરેલ છે. હકીકતો જણાવેલ નથી. વધુ નોંધ ૨૫૫૧ તા.૨૪/૧૨/૨૦૧૩ના રજી. દસ્તાવેજ નંબર ૫૪૦૨ તા.૦૩/૧૨/૨૦૧૩ તથા નોંધ નં.૨૫૬૬ તા.૧૪/૦૨/૨૦૧૪ના રોજ રજી. દસ્તાવેજ નં.૨૦૮૭ તા.૦૯/૦૪/૨૦૦૮ તથા નોંધ નં.૨૫૬૭ દસ્તાવેજ નંબર દર્શાવવામાં આવેલ નથી. નોંધ નં.૨૫૬૮ દસ્તાવેજ નં.૨૦૮૬ તા.૦૯/૦૪/૨૦૦૮ તથા નોંધ નં.૨૫૭૬ તા.૨૫/૦૨/૨૦૧૪ દસ્તાવેજ તા.૧૧/૦૨/૨૦૧૧ નોંધ નં.૨૮૦૨ તા.૦૬/૦૨/૨૦૧૫ રજી. દસ્તાવેજ ૫૪૦૨ તા.૩૧/૧૨/૨૦૧૩ નોંધ નં. ૨૮૭૬ તા.૨૫/૦૫/૨૦૧૫ રજી. દસ્તાવેજ નં.૧૩૧૬ તા.૨૦/૦૩/૨૦૦૮ તથા નોંધ નં. ૨૮૭૭ તા.૨૫/૦૫/૨૦૧૫ રજી. દસ્તાવેજ નં.૯૨૨ તા.૨૨/૦૨/૨૦૧૩ નોંધ નં.૨૯૮૩ તા.૧૫/૧૦/૨૦૧૫ રજી. દસ્તાવેજ નં.૮૧૧ તા.૧૧/૦૨/૨૦૧૧ નામંજુરની હકીકતોની નોંધો છે. જે નોંધો નામંજુર ક્રેલની હકીકતો શેરામાં જણાવેલ નથી કે કયા અધિકારી નામંજુર વિગતોના નામો જાહેર કરેલ નથી. જે નોંધોમાં મહાલક્ષ્મી માતાના વહીવટદારોની સંમતિ વિગતો દર્શાવવામાં આવેલ નથી અને પોતાના બાપદાદાની મિલ્કતો હોય તેમ ધાર્મિક જમીનોના દસ્તાવેજો વેચાણના એકબીજાને કરી આપેલ છે. આમ, કેટલીક નોંધ નામંજુર કરવામાં આવેલ હોવા છતાં પ્રાંત ગોધરા પાસે મંજુર કરાવેલ છે. જે અપીલોમાં મહાલક્ષ્મી માતાના વહીવટદારો સામે નોટીસો આપેલની વિગતો નથી. તથા મંજુર કરનાર સીટી સર્વે સુપ્રિટિન્ડન્ટ તથા પ્રાંત અધિકારી ગોધરાનાએ મુળ ધાર્મિક જમીનોની નોંધોની ચકાસણી નહી કરી કરાવી પુરેપુરી રેકર્ડની વિગતો જોયા વગર આંખો બંધ કરીને મોટી લાંચ રૂશ્વતો ધાર્મિક જમીનો લઈ પ્રમાણિક તથા મંજુર કરેલ છે. આવી ધાર્મિક મિલ્કતોમાં ગુજરાત સરકાર તથા હાઈકોર્ટના કેટલા જજમેન્ટો તથા મહેસુલ વિભાગ ગુજરાત સરકાર તરફથી ધાર્મિક મિલ્કતો રફેદફે ના થાય તેવા આદેશો વિભાગોને આપેલા છે. આમ, મહાલક્ષ્મી માતા મંદિરની જમીનોમાં કોને કોને ભાગ ભજવેલ છે. જે તપાસ દરમિયાન પુરી વિગતો મળી આવે તેમ છે. તથા અવલોકન વગરની જે તે સમયના પ્રાંત અધિકારીઓના હુકમો વગરની છે. જે પણ મહેસુલ કાયદા વિરૂદ્ધની તમામ નીતિ નિયમો વિરૂદ્ધ તે પણ શરતભંગ કરવાની થાય છે. આમ, મહાલક્ષ્મી માતા મંદિરની જમીનો ગેરકાયદેસર ફેરફાર કરેલ સામે યોગ્ય કાર્યવાહી થાય તેવી હિન્દુ સમાજ દ્વારા માંગો ઉઠવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.61